શામળાજીના જાબચિતારીયા ગામે જિલ્લા હેડક્વાટરમાં ફરજ બજાવતો પીએસઆઈની દારૂના નશામાં દબંગાઈ

શામળાજી,તા. ૮

ગુજરાતમાં દારૂબંધીના નામે સૌથી વધુ દારૂનું વેચાણ અને ખુલ્લેઆમ દારૂની મહેફિલના જામતી હોવાના અનેક કિસ્સાઓ બહાર આવી રહ્યા છે મોટા ભાગના કિસ્સાઓમાં પડદા પડી જાય છે. ગુજરાતમાં દારૂબંધીના કાયદાની ઐસી કી તૈસી કરી છડેચોક લોકો ભંગ કરી રહ્યાં છે.



બુટલેગરો પણ ખુલ્લેઆમ બિંદાસ્ત દારૂનું વેચાણ 'કોઈક'ની રહેમ નજર હેઠળ કરી રહ્યાં છે. ત્યારે આ બધાની વચ્ચે અરવલ્લી જીલ્લાના શામળાજી નજીક અરવલ્લી જીલ્લામાં હેડક્વાટર ખાતે ફરજ બજાવતો પી.એસ.આઈ અને તેનો મિત્રો સાથે દારૂના નશામાં છાકટો બની દબંગાઈ કરતો હોવાનો અને રોડ પરથી પસાર થતા વાહનચાલકો સાથે મારામારી કરતો એક વીડિયો સોશિયલ મીડિયામાં ખૂબ જ વાયરલ થતા ખાખી વર્દી વધુ એકવાર શર્મનાક સ્થિતિમાં જોવા મળતા લોકોમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો છે. શામળાજી નજીક બનેલી ઘટનામાં અંદરો અંદર સમાધાન થતા મામલો પોલીસ સ્ટેશન પહોંચ્યો ન હતો.

શામળાજી નજીક જાબચિતરીયા ગામ નજીક રાત્રીના સુમારે નેશનલ હાઈવે નં-૮ નજીક અરવલ્લી જીલ્લા પોલીસતંત્રમાં ફરજ બજાવતો પીએસઆઈ અને તેના મિત્રો દારૂના નશામાં ચકચૂર થઈ દબંગાઈ પર ઉતારી આવી રોડ પરથી પસાર થતા વાહનચાલકો સાથે મારપીટ કરતા ભય સાથે ભારે હોબાળો મચતા ચકચાર મચી હતી. પીએસઆઈની દાદાગીરીથી રોષે ભરાયેલા લોકોએ માર મારી પાઠ પણ ભણાવ્યો હતો. ઉપસ્થિત કેટલાક લોકોએ સમગ્ર ઘટનાનો વિડિઓ ઉતારી સોશ્યલ મીડિયામાં વાઈરલ કરતા અને દબંગાઈ કરનાર શખ્સ પીએસઆઈ હોવાનું જણાવી રોફ મારતો લોકોનો ગુસ્સો આસમાને પહોંચ્યો હતો. સમગ્ર ઘટના અંગે શામળાજી પોલીસ સ્ટેશનમાં ફોન કરતા આવી કોઈ ફરિયાદ નોંધાઈ ન હોવાનું ફરજ પરના પી.એસ.ઓ.એ જણાવ્યું હતું. રક્ષક જ ભક્ષક બનતા પ્રજાજનોએ કોની પાસે ન્યાય મેળવવા જવું તે કઠિન બન્યું છે.

ભવન્સ કોલેજ નજીક મેઈન ટ્રંક લાઈનમાં ભંગાણ

અમદાવાદ,તા.૮

એક તરફ મ્યુનિસિપલ સત્તાવાળાઓ દ્વારા ડ્રેનેજના ગંદા પાણીને શુદ્ધ કરીને તેનો તળાવ ભરવા કે ગાર્ડનીંગ કરવા કે પબ્લિક ટોઈલેટની સફાઈ માટેના ન્યૂસંસ ટેન્કરમાં ઉપયોગમાં લેવા લાખો રૂપિયાના ખર્ચે શુદ્ધીકરણ પ્લાન્ટ સ્થપાઈ રહ્યા છે. બીજી તરફ એક અથવા બીજા કારણસર પાણીની મેઈન ટ્રંક લાઈનમાં પણ છાશવારે પડતા ભંગાણથી લાખો લિટર પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. ખાનપુર વોર્ડમાં આવેલી ભવન્સ કોલેજ પાસે મેઈન ટ્રંક લાઈનમાં લીકેજ થવાથી હજારો લિટર પાણી રસ્તા પર વહી રહ્યું છે, જોકે તંત્રને આ લીકેજની બે દિવસ પહેલાં જાણ થઈ હોઈ તેનું રિપેરિંગ કામ હાથ ધરાયું છે.

અમદાવાદમાં ૧૫મી જાન્યુઆરીથી પ્રથમવાર શોપિંગ ફેસ્ટિવલ યોજવામાં આવશે

ગાંધીનગર, તા. ૮

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની મુલાકાત લઈ તેમને વાયબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૧૯નું ઉદઘાટન કરવા આવવાનું આમંત્રણ પાઠવ્યું હતું.

નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નિવાસસ્થાને યોજાયેલી બેઠકમાં મુખ્યમંત્રી અને ગુજરાત સરકારના વરિષ્ઠ સચિવોએ આ વાયબ્રન્ટ સમિટના આયોજનની સંપુર્ણ વિગતોથી પ્રધાનમંત્રીને માહિતગાર કર્યા હતા.

કેન્દ્ર સરકારના વિભાગોનો પણ આ સમિટની સફળતા માટે સહયોગ મળી રહ્યો છે એમ તેમણે કહ્યું હતું.

વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે આ વખતે સમિટમાં વિશ્વના ૧૨ દેશો પાર્ટનર કન્ટ્રી બન્યા છે તેમજ ૧૦૦થી વધુ રાષ્ટ્રોના ૩૦ હજાર જેટલા ડેલીગેટ્સ પણ સમિટમાં આવશે.

તેમણે કહ્યું કે વાયબ્રન્ટ સમિટ-૨૦૧૯માં આફ્રિકા ડેની ઉજવણી કરીને આફ્રિકા સાથે એક્સપોર્ટ અને ઈન્વેસ્ટિમેન્ટ સહિતના સંબંધો વિકસાવવાની દિશામાં આગળ વધવું છે.

એમ. એસ. એમ. ઈ. સેક્ટરને પણ સમિટમાં સમાવિષ્ટ કરવાના આયોજનની પણ વિગતો મુખ્યમંત્રીએ આપી હતી.

વાયબ્રન્ટ સમિટની આ ૯મી કડીમાં આ વર્ષે ૧૫ થી ૨૭ જાન્યુઆરી દરમ્યાન અમદાવાદમાં પ્રથમવાર શોપિંગ ફેસ્ટિવલ યોજવામાં આવશે તેમ જણાવતા વિજયભાઈ રૂપાણીએ ઉમેર્યું કે આ શોપિંગ ફેસ્ટિવલમાં નાના મોટા ટ્રેડર્સને વેપારની તક મળશે. પ્રધાનમંત્રી સાથેની મુખ્યમંત્રીની આ બેઠકમાં મુખ્ય સચિવ ડો. જે.એન.સિંહ મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કે. કૈલાસનાથન, અગ્ર સચિવ મનોજકુમાર દાસ, ઉદ્યોગ કમિશનર મમતા વર્મા અને અન્ય ઉચ્ચ અધિકારીઓ જોડાયા હતા.

તસવીર : વિનોદ રામી

મહેસાણા ખાતે માનસિક દિવ્યાંગ બાળકોને ખોડીયાર એજ્યુકેશન ટ્રસ્ટ મહેસાણાની દિશા સ્કૂલમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓની સુષુપ્ત શક્તિઓને કૌશલ્યો ઉજાગર કરવા રાષ્ટ્રીય માનસિક દિવ્યાંગ દિનની ઉજવણીના ભાગરૂપે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ડીસામાં જીવદયા પ્રેમીઓ અને ગૌશાળા સંચાલકોએ જીવતા પશુધન સાથે રેલી યોજી ભગવાનને આવેદનપત્ર

ડીસા

કેન્દ્ર સરકાર દ્વારા માંસની નિકાસની જગ્યાએ હવે જીવતા પશુધનની અરબ દેશોમાં નિકાસ કરવામાં આવતા દેશભરમાં જીવદયા પ્રેમીઓએ વિરોધ કર્યો હતો. સરકારે ૫૦ હજારથી વધુ જીવતા ઘેટાબકરા જહાજ મારફત નિકાસ કરતા જીવદયા પ્રેમીઓમાં ઉગ્ર રોષ ફેલાયો છે અને સરકાર હવે સાંભળતી ન હોવાથી બનાસકાંઠાના ડીસામાં જીવદયા પ્રેમીઓ અને ગૌ શાળા સંચાલકોએ જીવતા પશુધન સાથે રેલી યોજી ભગવાનને આવેદનપત્ર પાઠવ્યુ હતુ.

ભારત દેશમાં વર્ષોથી ગૌહત્યા પર પ્રતિબંધની માંગણી કરાય છે અને ગૌમાતાના નામે રાજનીતિ થઈ રહી છે. ત્યારે કેન્દ્રમાં નરેન્દ્ર મોદીની હિન્દુવાદી સરકાર આવતા દેશમાં ગૌહત્યાનો કાયદો અને માસના નિકાસ પર પ્રતિબંધ મુકાશે તેમ મનાતું હતું. પરંતુ ભારત માંસની નિકાસમાં નંબર વન બનવા ઉપરાંત સરકારે હવે તો માંસની જગ્યાએ જીવતા પશુધનની નિકાસ કરવાની છૂટ આપી દેતા દેશભરમાં જીવદયા પ્રેમીઓમાં હાહાકાર મચી જવા પામ્યો હતો. જીવદયા પ્રેમીઓએ વિરોધ કરી જીવતા પશુધનની નિકાસ પર પ્રતિબંધની માગણી કરી હતી. તેમ છતાં સરકારે અરબ ના દેશોમાં પશુધન મોકલ્યા હતા. ત્યાર બાદ હવે જહાજ મારફતે ફરીથી ૫૦ હજારથી વધુ ઘેટા બકરા અખાતી દેશોમાં મોકલવામાં આવતા જીવદયાપ્રેમીઓ લાલઘૂમ થયા છે અને હિન્દુવાદી સરકારે દગો કર્યો હોવાનું માની રહ્યા છે.

થોડા સમય પહેલા નાગપુરથી સ્પેશિયલ હવાઈ જહાજ મારફતે ગૌવંશ અને ઘેટા બકરા સહિતના જીવતા પશુધનને અખાતી દેશોમાં મોકલવામાં આવ્યા હતા ત્યારે દેશભરના ગૌ શાળા સંચાલકોએ વિરોધ કર્યો હતો. આ ઉપરાંત વારંવાર આ બાબતે સરકારને રજૂઆત કરી છે તેમ છતાં સરકારે કોઈનું પણ સાંભળયા વગર દેશના કરોડો હિંદુઓના દિલ દુઃખાવી જીવતા પશુઓને બહારના દેશોમાં કતલખાને મોકલી રહ્યા છે તે જોતા હવે સરકાર પાસે કોઈ અપેક્ષા ન હોવાથી ભગવાનને આવેદન પત્ર આપી ભગવાન સમક્ષ અબોલ પશુઓને બચાવવા આજીજી કરી રહ્યા છીએ.જીવદયા પ્રેમી જણાવ્યું હતુ કે પશુઓની નિકાસ મામલે અમારો વિરોધ છે, સરકાર અમારી વાત સાંભળતી નથી એટલે આજે અમે પશુઓની રેલી યોજી ભગવાનને આવેદનપત્ર આપ્યું છે, કે સરકારને સદબુદ્ધિ આપે.એક તરફ સરકાર પશુઓની હત્યા મામલે કડક વલણ અપનાવતી હોવાતની વાતો કરે છે ત્યારે બીજી તરફ ઘેટા ,બકરા ઓના નિકાસ કરવાના સરકાર ના નિર્ણય સામે જીવદયા ઓમાં ભારે નારાજગી જોવા મળી રહી છે ત્યારે હવે આ જીવદયા પ્રેમીઓની વાત સરકાર સાંભળશે કે પછી પશુઓની નિકાસ યથાવત રહેશે તે જોવું રહ્યું.આ રેલી મા ભરત કોઠારી,કિશોર દવે, ધર્મેંદ્ર ફોફાણી,ગંગારામ પોપટ,હિનાબેન ઠક્કર,પરેશ ઠક્કર,જગદીશ માળી, સહીત મોટી સંખ્યામાં જીવદયા પ્રેમીઓ રેલી માં જોડાયા હતાં.

તસવીર : કાંતિલાલ લોધા

જસદણ પેટાચૂંટણીમાં ભાજપ સ્ટાર પ્રચારક ઉતારવા તૈયાર

કોંગ્રેસ પાર્ટી પ્રચારમાં મહત્તમ જોર લગાવી રહી છે ત્યારે ભાજપ પણ કયાંક કાચુ નહીં કપાય તેને લઈને તૈયારીમાં

જસદણ વિધાનસભાની પેટાચૂંટણીનો શંખ ફૂંકાઈ ચુક્યો છે. જેને લઈને ભાજપ અને કોંગ્રેસ દ્વારા બહુમતી મળવાના દાવાઓ કરવાની સાથે-સાથે ચૂંટણી પ્રચાર પણ શરૂ કરી દેવામાં આવ્યો છે. જેમાં ભાજપ દ્વારા પરેશ રાવલ, સ્મૃતિ ઈરાની સહિતના ઉપ સ્ટાર પ્રચારકોને બોલાવવાનો તખ્તો ઘડાયો છે. તો કોંગ્રેસના ઉમેદવાર અવસર નાકિયાએ સમર્થકો સાથે છકડો રિક્ષા ચલાવીને લોકોની મુલાકાત લેવાનું શરૂ કરી દીધું છે. કોંગ્રેસનો પ્રચાર પૂરજોશમાં અને ભારે આક્રમકતા ચાલી રહ્યો હોવાનું ચિત્ર આજે સામે આવ્યું હતું. અવસર નાકિયાએ ફરી એકવાર સ્પષ્ટ કર્યું હતું કે, જસદણની ચૂંટણીમાં આ વખતે કોંગ્રેસની જીત નક્કી છે, જસદણની પ્રજા કોંગ્રેસની સાથે જોડાયેલી છે અને કોંગ્રેસનો સાથ જ આપશે. કુંવરજી બાવળિયા મુદ્દે તેમણે પ્રહાર કર્યો હતો કે, બાવળિયાએ સત્તાની લાલચમાં કોંગ્રેસ પક્ષ અને જસદણની જનતા સાથે ગદ્દારી કરી છે પરંતુ જસદણની જનતા બાવળિયાના આ વિશ્વાસઘાતને માફ નહી કરે. તા.૨૦મીએ કોંગ્રેસની તરફેણમાં મતદાન કરી જનતા ભાજપને અને બાવળિયાને જોરદાર જવાબ આપશે. નાકિયાએ ઉમેર્યું હતું કે, ચૂંટણીમાં મત માંગવા ઉમેદવારે પોતાના દમ પર નીકળવું જોઈએ. જસદણની પ્રજા સ્ટાર પ્રચારકોની સાથે ઉભા રહેવાથી મત આપે તેટલી અજ્ઞાન નથી. અહીંની પ્રજાએ હંમેશા કોંગ્રેસના હાથને સાથ આપ્યો છે. પક્ષપલ્ટો કરનારને પ્રજા ચોક્કસ જવાબ આપશે અને આગામી ચૂંટણીમાં કોંગ્રેસની ભારે બહુમતીથી જીત થવાનો વિશ્વાસ પણ નાકિયાએ વ્યકત કર્યો હતો.જસદણનો જંગ ભાજપ અને કોંગ્રેસ માટે અસ્તિત્વનો સવાલ છે. ત્યારે ભાજપે મુખ્યમંત્રી રૂપાણી સહિતના રાજકીય આગેવનો તેમજ હિતુ કનોડિયા, પરેશ રાવલ અને સ્મૃતિ ઈરાની સહિતના સ્ટાર પ્રચારકોને લાવવા ચૂંટણી તંત્રને યાદી મોકલી આપી છે.

અમદાવાદમાં પાર્કિંગ સમસ્યાને હલ કરવા નવી એપ લોન્ચ થઈ

અમદાવાદ, તા.૮

અમદાવાદ, ગુજરાત સહિત દેશભરમાં પાર્કિંગ અને તેના કારણે ટ્રાફિક જામ, પ્રદૂષણ સહિતની અનેક સમસ્યાઓ સરકાર સહિતના સત્તાવાળાઓ માટે માથાના દુઃખાવા સમાન બની રહી છે ત્યારે અમદાવાદ શહેરના શુભમ શર્મા નામના યુવકે સ્ટાર્ટ અપ બિઝનેસ તરીકે વેલેટાઈઝ પાર્કિંગ એપ લોન્ચ કરી છે, જેને પગલે પાર્કિંગ માટે અમદાવાદમાં નગરજનોને હવે વન સ્ટેપ સોલ્યુશન પ્રાપ્ત થયું છે.

આગામી માર્ચ-૨૦૧૯ સુધીમાં આ વેલેટાઈઝ એપ થ્રુ સમગ્ર અમદાવાદ શહેરને પાર્કિંગના સોલ્યુશન હેઠળ આવરી લેવાશે અને ત્યારબાદ રાજયના અન્ય શહેરો વડોદરા, રાજકોટ, સુરત સહિતના શહેરોને આ વેલેટાઈઝ એપ હેઠળ આવરી લેવાશે. પાર્કિંગની સમસ્યાનું વન સ્ટેપ સોલ્યુશન પૂરું પાડતી આ વેલેટાઈઝ એપનો સૌથી મોટો ફાયદો એ છે કે, નાગરિકો તેમનું ટુ વ્હીલર કે ફોર વ્હીલર લઈને ગમે તે વિસ્તારમાં પાર્ક કરવા ઈચ્છતા હશે તો તે એપના વેલેટ્સને જાણ કરી દેવાની રહેશે, આ વેલેટ્સ નાગરિકો પાસેથી તેમના વાહનની ચાવી લઈ યોગ્ય જગ્યાએ તેમના વાહન પાર્ક કરી દેશે. ત્યારબાદ નાગરિકો તેમની ખરીદી કે કોઈપણ કામ પૂર્ણ થાય એટલે પંદર મિનિટ પહેલા ફરી વેલેટ્સને જાણ કરે એટલે તેઓ કહે ત્યાં ગણતરીની મિનિટમાં તેમનું વાહન તેમની પાસે પહોંચતુ કરી દેવાશે.

આ અંગે વેલેટાઈઝ પાર્કિંગ એપના ફાઉન્ડર શુભમ શર્મા અને સ્ટ્રેટેજીક પાર્ટનર એન્ટરપ્રાઈઝીંગ ઈન્ડિયનના ભાવેશ ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, પાર્કિંગની વિકટ સમસ્યાનું નિવારણ કરતી આ દેશની અનોખી એપ છે, જે વન સ્ટેપ સોલ્યુશન નાગરિકોને પૂરું પાડે છે. પાર્કિંગ સંબંધિત આંકડાકીય માહિતી જોઈએ તો, દેશના સર્વે મુજબ, એક વ્યકિત સરેરાશ પાર્કિંગ માટે ૨૦થી ૨૫ મિનિટ દિવસમાં બગાડે છે, એટલે કે, એક વર્ષમાં તેના ૭૦ કલાક બગાડે છે. વળી, પાર્કિંગ શોધવા રસ્તા પર વાહન લઈને ફરવાના કારણે ટ્રાફિકની ગીચતા, પ્રદૂષણ સહિતની અનેક સમસ્યાને તે પ્રોત્સાહન આપે છે. આ સંજોગોમાં તેના બદલે જો આ વેલેટાઈઝ પાર્કિંગ એપનો ઉપયોગ કરે તો વ્યકિત ઘેરથી નીકળે ત્યારે જ તેના ઈચ્છિત વિસ્તારમાં એ સ્થળના પાર્કિંગની માહિતી આંગળીના ટેરવે ઉપલબ્ધ હોય અને તે એપના વેલેટ્સ(કંપનીના માણસ)ને ત્યાં પહોંચી કાર કે વાહનની ચાવી આપી દે એટલે એ માણસો તે વ્યકિતનું વાહન સુરક્ષિત પાર્કિંગ વ્યવસ્થામાં પાર્ક કરી દે. બીજીબાજુ, આ વ્યકિત તેનું જરૂરી કામ પૂર્ણ કરી વાહન માટે તે માણસને ઈન્ફોર્મ કરે એટલે તરત જ તે વ્યકિત કહે ત્યાં તેને તેનું વાહન પહોંચાડી દેવામાં આવે.

આમ, પાર્કિંગની સમસ્યાનું આસાનીથી નિરાકરણ શકય બનાવાયું છે. આ અનોખી એપ અને તેના ફાયદાને લઈ શુભમ શર્મા અને ભાવેશ ઉપાધ્યાય દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સહિતના સત્તાવાળાઓ સાથે પણ તેને લાગુ કરવાની દિશામાં ચર્ચા વિચારણા હાથ ધરાઈ છે.

પેપર લીક કેસની તપાસમાં બે વધુ નામો સપાટી પર

દિલ્હી ગેંગ અંગે પણ અનેક મહત્વપૂર્ણ કડીઓ હાથ લાગી હોવાનો પોલીસનો ધડાકો : ઝડપાયેલાની પૂછપરછ જારી

અમદાવાદ,તા. ૮

સમગ્ર ગુજરાતને હચમચાવી મુકનાર એલઆરડી પેપર લીક કેસમાં તપાસનો દોર જોરદાર રીતે આગળ વધી રહ્યો છે. હવે વધુ બે નામ સપાટી પર આવ્યા છે. આ બે નામમાં મહેન્દ્ર બોડાના અને અશ્વીન રાજપુતના નામ સપાટી પર આવ્યા છે. મહેન્દ્ર બોડાના મનહર પટેલની સાથે કાર ચલાવી રહ્યો હોવાની માહિતી મળી છે. જે દિલ્હી ગઈ હતી. ઉપરાંત અશ્વિન રાજપુત લીક આન્સર કીને સરક્યુલેટ કરવામાં સીધી રીતે સામેલ હતો. પોલીસના કહેવા મુજબ દિલ્હી ગેંગના સંબંધમાં તેમને કેટલીક નક્કર વિગત પણ હાથ લાગી છે.ગુજરાત લોકરક્ષક દળના પેપર લીક કૌભાંડમાં ધરપકડ કરાયેલા યશપાલસિંહ સોલંકી ઉર્ફે ઠાકોર અને ઈન્દ્રવદન પરમારના દસ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવી ચુક્યા છે. જયારે આરોપી રાજેન્દ્ર વાઘેલાને કોર્ટે પાંચ દિવસના રિમાન્ડ આપ્યા હતા. પોલીસે ગઈકાલે શુક્રવારે ત્રણેય આરોપીઓને ગાંધીનગર કોર્ટમાં લોખંડી જાપ્તા સાથે રજૂ કર્યા હતા. જેમાં કોર્ટે યશપાલસિંહ સહિતના ત્રણેય આરોપીઓના દસ દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા હતા. પોલીસે યશપાલસિંહ સહિતના ત્રણેય આરોપીઓના ૧૪ દિવસના રિમાન્ડની માંગણી કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતના ઉમેદવારોને ચાર ગાડીઓમાં ચિલોડાથી ગુડગાંવ લઈ જવાયા હતા અને ત્યાંથી દિલ્હીની ગેંગના માણસો તેમના વાહનોમાં ઉમેદવારોને દિલ્હી લઈ ગયા હતા અને ત્યાં જુદા જુદા સ્થળોએ પાંચ-પાંચના ગ્રુપમાં બધાને પેપર અને આન્સરશીટ બતાવ્યા હતા તેથી દિલ્હીની આ ગેંગના સંપર્કો, તેના સભ્યો, આન્સર શીટ કોણે આપી અને દિલ્હીની ગેંગ સિવાય અન્ય કોણ કોણ આ કૌભાંડમાં સંડોવાયેલું છે તે સહિતના મુદ્દે આરોપીઓના સાથે રાખી તપાસ કરવાની છે.

કાંકરેજ કોંગ્રેસ સંગઠનના હોદેદારોની વરણી કરાઈ

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમીતભાઈ ચાવડાની સૂચનાથી બનાસકાંઠા જિલ્લા પ્રભારી ચંદનજી ઠાકોર તેમજ કાંકરેજ તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ હેમુભાઈ જોષીની ભલામણથી બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ દિનેશભાઈ ગઢવીએ કાંકરેજ તાલુકા કોંગ્રેસ સમિતિના નવીન સંગઠનના હોદેદારોની વરણી કરાઈ હતી.જેમા ૯ ઉપપ્રમુખ ૮ મહામંત્રી ૧૬ મંત્રી ૧૪ સહમંત્રી અને ૧૯ ની કોર કમિટિની વરણી કરવામાં આવી હતી.જેમાં ધારશીભાઈ ખાનપુરા વડા, અમૃતજી એમ ઠાકોર ચાંગા,દિનેશજી ડી જાલેરા ભદ્રીવાડી, જોષી હેમુભાઈ ડી શિરવાડા, ખટાણા સુરેશભાઈ એમ ખીમાણા, ડાભી ભુપતાજી એસ પાદરડી,તરક જયંતિભાઈ કે ખોડા,ઠાકોર ભુપતાજી એસ મંગળપુરા, જોષી રામેશ્વરભાઈ એ શિરવાડા, ભટેસરીયા જેસુંગજી બી શિહોરી, ઠાકોર બબાજી એચ નગોટ, ઠક્કર દિનેશભાઈ એન બુકોલી, ઠાકોર સરતાનજી બી દેવપુરા, વાઘેલા ખેતુભા એન ઉંબરી, રાવલ વશરામભાઈ કે રણાવાડા (જા),ઠાકોર લક્ષ્મણજી વી તેરવાડા,ઠાકોર ચંદુજી વી વડા,ઠાકોર હમીરજી એમ ઉંદરીયાવાસ,જોષી રામેશ્વરભાઈ કે ઉંબરી,ની વરણી કરાઈ હતી.

કાંકરેજ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા કોર કમિટીની વરણી કરવામાં આવી હતી.કાંકરેજ તાલુકાના થરા ખાતે મંગળવાર કોંગ્રેસ કારોબારીની વરણી કરવામાં આવી હતી.જેમાં ઉપપ્રમુખ તરીકે ઠાકોર તરસંગજી સાંકળાજી ભાવનગર, પટેલ ઈશ્વરભાઈ કમાભાઈ રવિયાણા,ઠાકોર વિક્રમજી ગંભીરજી ડુગરાસણ, સોલંકી દેવુજી સરતાનજી બુકોલી, પરમાર રમેશભાઈ મેવાભાઈ સમણવા, ઠાકોર વેનાજી દોલાજી કાટેડીયા, દેસાઈ રાજાભાઈ વેરશીભાઈ ધનેરા વિગેરેની વરણી કરવામાં આવી છે.

ધરપકડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઈન્સ્પેક્ટર સુબોધકુમાર સિંહની હત્યા અને હિંસામાં એક નાગરિકના મોત બાદ તે સોપોરે ફરાર થઈ ગયો હતો. હવે પોલીસની ટીમ જીતુ ફોજીએ ગોળીબાર કર્યો હતો કે તેમ તેને લઈને તપાસ હાથ ધરી છે. ઈન્સ્પેક્ટર સુબોધકુમાર અને તેમની ટીમ હિંસાને કાબુમાં લેવા માટે પહોંચી હતી. વીડિયોમાં તોફાની ટોળાને પોલીસ જવાનનો પીછો કરતા જોઈ શકાય છે. તિક્ષ્ણ હથિયારથી સિંહ ઉપર હુમલો કરવામાં આવ્યો હતો. આ સંદર્ભમાં હજુ સુધી આઠ લોકોની ધરપકડ કરવામાં આવી ચુકી છે. ગામ નજીક ખેતરમાં ગૌવંશ હત્યા બાદ હિંસા ભડકી ઉઠી હતી.હિંસાના મામલામાં નોંધવામાં આવેલી એફઆઈઆરમાં આરોપી નંબર ૧૧ તરીકે દર્શાવવામાં આવેલા એક શખ્સનુ નામ જીતુ ફોજી સપાટી પર આવતા ખળળભાટ મચી ગયો હતો. આ શખ્સનુ નામ સપાટી પર આવતા હવે હિંસાના મામલામાં નવો વળાંક આવ્યો હતા. આરોપીની ઓળખ જીતેન્દ્ર સિંહ ઉર્ફે જીતુ ફૌજી તરીકે થઈ હતી. મામલાની તપાસ માટે રચવામાં આવેલી સમિતિએ એવો દાવો કર્યો છે કે આરોપીઓ અને સાક્ષીઓના નિવેદન પણ નોંધવામાં આવી રહ્યા છે. અગાઉ ઈન્સ્પેક્ટર સુબોધસિંહની હત્યામાં સામેલ આરોપી જવાનની શોધખોળ માટે જમ્મુ-કાશ્મીર પોલીસની ટુકડી પહોંચી હતી. ભારતીય સેનાએ પણ સંપૂર્ણ સહકાર આપવાની ખાતરી પહેલાથી જ આપી હતી. ઉત્તરપ્રદેશના બુલન્દશહેરમાં સોમવારના દિવસે ગૌહત્યાની અફવા બાદ ફેલાયેલી વ્યાપક હિંસા બાદ હજુ સ્થિતી વિસ્ફોટક રહી છે. પોલીસ દ્વારા વ્યાપક દરોડાનો દોર જારી રાખવામાં આવ્યો છે. પોલીસે તપાસને વધારે ઝડપી બનાવીને હજુ સુધી કેટલાક લોકોની ધરપકડ કરી છે. બીજી બાજુ હિંસાના સંબંધમાં દાખલ કરવામાં આવેલી એફઆઈઆરમાં ૮૭ લોકોના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ચાર લોકોને કસ્ટડીમાં પણ લેવામાં આવ્યા છે. જુદી જુદી ટીમો સક્રિય થઈ છે. પોલીસે આજે કહ્યું હતું કે, છ ટીમો આરોપીઓને પકડી પાડવા માટે તપાસ કરી રહી છે. આ મામલામાં મુખ્ય આરોપી તથા બજરંગ દળના જિલ્લા સંયોજક યોગેશ રાજને પકડી પાડવા દરોડા પાડવામાં આવી રહ્યા છે. યોગેશ રાજ મુખ્ય આરોપી છે તેના ઉપર એફઆઈઆરમાં હિંસા ભડકાવવાના આક્ષેપ મુકવામાં આવ્યા છે.

ઘટનાના ગાળા દરમિયાન સુબોદકુમાર સિંહે તેને સમજાવવાના પ્રયાસ કર્યા હતા પરંતુ તે માન્યો ન હતો. આરોપીએ હિંસા ભડકાવી હતી. યોગેશ રાજને હજુ પકડી પાડવામાં આવ્યો નથી. યોગેશ રાજ પહેલા પ્રાઈવેટ નોકરી કરતો હતો અને ૨૦૦૬માં યોગેશ બજરંગ દળમાં જિલ્લા સંયોજક બન્યો હતો. વહીવટીતંત્ર દ્વારા જુદી જુદી ટીમો રોકીને તપાસ કરવામાં આવી રહી છે. તપાસમાં ૨૭ લોકોના નામનો ઉલ્લેખ છે જ્યારે અન્ય ૬૦ લોકો વણઓળખાયેલા લોકો પણ રહેલા છે. આ હિંસામાં પોલીસ અધિકારી સુબોધ કુમાર સિંહ શહીદ થયા હતા. પોલીસ અધિકારીઓ દ્વારા ઉંડી તપાસનો દોર જારી રહ્યો છે.

પંચાયતની સત્તા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એન.એ.ની સત્તા જે કારોબારી સમિતિ પાસે હોય છે અને અત્યંત મલાઈદાર આ સમિતિ ગણાતી હોય છે. રાજ્ય સરકારે પંચાયતની જુદા જુદા સમયે ઘણી બધી સત્તાઓમાં કાપ મુક્યા પછી આ નવા નિર્ણયને પગલે ભારે સન્નાટો પંચાયતી વર્તુળમાં છવાઈ જવા પામ્યો છે.

પરીક્ષા યોજાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમણે જણાવ્યુ હતુ કે વિસ્તરણ અધિકારીની પરીક્ષા માટે ૩૯ શાળાઓમાં પરીક્ષા લેવાશે. જ્યારે સમાજ કલ્યાણ નીરીક્ષકની પરીક્ષા ૨૬ શાળાઓમાં યોજાશે.

જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ પરીક્ષામાં ગેરરીતિના કેસો ના બને અને કોઈ અપ્રિય ઘટના પણ ના બને તે જોવા કેન્દ્ર સંચાલકોની બે વાર બેઠક યોજવામાં આવી છે. દર ત્રણ શાળાએ વર્ગ-૧ના અધિકારી તકેદારી અધિકારી તરીકે ફરજ બજાવશે.

પરીક્ષા અંગેની તૈયારીઓ સંપૂર્ણ રીતે સંપન્ન થઈ ગઈ હોવાનું પણ તેમણે જણાવ્યુ હતુ. સી.સી. ટીવી કેમેરાથી બાજ નજર પણ રાખવામાં આવશે તેમ પણ તેમણે કહ્યુ હતુ.

પરીક્ષાઓ નિયત સમયે અને સ્થળે યોજવામાં આવશે. પરીક્ષા કેન્દ્ર ખાતે ચાંપતો પોલીસ બંદોબસ્ત પણ રાખવામાં આવ્યો છે તેમ તેમણે એક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ.

લોકરક્ષકની સ્પર્ધાત્મક પરીક્ષાનું પ્રશ્નપત્ર લીક થયાની ઘટનાના પડઘા હજુ શમ્યા નથી ત્યાં આજની આ સ્પર્ધાત્મક પરીક્ષા અંગે તંત્ર પણ સુસજ્જ થયુ છે અને તેમાં ક્યાંય પણ ચૂક ના રહી જાય તે માટે કટિબદ્ધ બન્યુ છે.